સંદેશ

Rajkot 26 November, 2018

# વાંકાનેરમાં જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા રકતદાન કેમ્પ,૧૫૦ રકત દાતાઓનું રકતદાન



વાંકાનેરમાં શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર (વાંકાનેર સેન્ટર) અને જૈન સોશ્યલ ગ્રુપના સંયુકત ઉપક્રમે દિગંમર જૈન સ્વાધ્યાય હોલ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ તક વિનામૂલ્યે મેડીકલ કેમ્પ પણ યોજાયો હતો. જેમાં રાજકોટના નિષ્ણાંત તબીબો દ્વારા નિ:શુલ્ક નિદાન કરાયું હતું. ઉપરાંત સ્કીનકેર અને બ્યુટી વિષયક નિષ્ણાંત મહિલા તબીબ દ્વારા મહિલાઓને ઉપયોગી માહિતી અપાઇ હતી. કેમ્પમાં રાજકોટ વોલન્ટરી બ્લડ બેંક એ ખાસ સહયોગ આપ્યો હતો. આ તકે પર્યુષણ પર્વ દરમિયાન કરેલ અઠાઇ તપ કે તેથી વધુ તપ કરનાર તેજસ્વી તારલાઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ગ્રુપના પ્રમુખ સચીનભાઇ શાહ, મનીષભાઇ દોશી, રાજુભાઇ પટેલ સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.